

ટાઉનહોલમાં ડાન્સીંગ શો યોજાયો

@ગાંધીનગર

● સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૮.૩૦ કલાકે તપસ્વીઓના સામૂહિક પારણાં યોજાશે.

ગણેશોત્સવ-બીજો દિવસ

● સે-૨૨ રંગમંચ ખાતે ૮.૩૦ કલાકે તલાલાના લોકસાહિત્યકાર રાજભા ગઢવીનો કાર્યક્રમ યોજાશે.

● સે-૧૬ બ્રહ્મસમાજ ભવન ખાતે રાત્રે ૮ કલાકે બરોડાના સંજીવકુમાર એન્ડ ટીમનો સુગમસંગીતનો કાર્યક્રમ યોજાશે.

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે હાસ્યના બેતાજ બાદશાહ સાંઈરામ દવેનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨-સી ગણેશ ચોક ખાતે રાત્રે ૯ કલાકે નિલેશકુમારના જાદુના વિવિધ કરતબનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે યોગેશદાન ગઢવી (બોક્ષા)તથા સાથી કલાકારોનો રંગ કસુંબલ ડાયરો યોજાશે.

● સે-૩-એ વગડાવાળી માતાજીના મંદિર ખાતે રાત્રે ૯ કલાકે જાદુગરનો શો તથા ટેલેન્ટ શો યોજાશે.

- નજાહખાનમ સૈયદ

ચ-માર્ગ પર કારની ટકકરમાં સ્કુટરચાલકનું મૃત્યુ

બેફામ જતી અર્ટીગા કારે સે-૧૭માંથી ચ-માર્ગ પર બહાર આવતા સ્કુટર ચાલકને અડફેટે લીધા : સ્કુટર ચાલક સિકયુરીટી ગાર્ડ તરીકે જુના સચિવાલયમાં ફરજ બજાવતા હતાં

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર બેફામ ગતિએ નીકળેલી અર્ટીગા કારના ચાલકે જિલ્લા પંચાયતની સામે એક સ્કુટર ચાલક પ્રૌઢને અડફેટે લઈ લીધા હતાં. ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. રસ્તા પર લોહીનાં ખાબોચિયા ભરાઈ ગયા હતાં. મૃતકના સાળાની ફરીયાદને આધારે સે-૨૧ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨ બી પ્લોટ નં. ૩૫૬/૨ ખાતે રહેતા ૫૫ વર્ષીય શૈલેષભાઈ દયાલજીભાઈ સુચક જુના સચિવાલયમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતાં. આજે સવારે શૈલેષભાઈ તેમનું સ્કુટર લઈને સે-૧૭ના આંતરિક માર્ગ પરથી ચ રોડ પર આવી રહ્યા હતા ત્યારે ધસમસતી અમદાવાદ તરફથી ચ માર્ગ પર આવેલી અર્ટીગા ગાડી નં. જીજે ૧૮-બીબી-૨૩૧૪ના ડ્રાઈવરે સ્કુટરને ટકકર મારી ફંગોળ્યું હતું. સ્કુટર અને અર્ટીગા ગાડી બંનેને નુકશાન એ હદે થયું હતું કે તે જોતા સ્કુટર ચલાવી રહેલા શૈલેષભાઈને કેટલી ગંભીર ઈજા થઈ હશે તે માત્ર વિચારવું જ રહ્યું...! સ્થળ પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલા સ્કુટરચાલક શૈલેષભાઈનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. તેમને તાત્કાલીક હોસ્પિટલ પણ ખસેડવામાં આવ્યા પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતાં. મૃતક શૈલેષભાઈના સે-૭-ડી પ્લોટ નં. ૧૨૦૭/૨ ખાતે રહેતા સાળા

કિરીટભાઈ વિનુભાઈ ઠકકરે અર્ટીગા ચાલક સામે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસ મથકના એએસઆઈ ઉદેસિંહ ફતેસિંહે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

વાતવાતમાં

● આજે દિવસભર ગણપતિની ધૂમ રહી હતી. નગરમાં ઠેર ઠેર ગણપતિદાદાની શોભાયાત્રાઓ નીકળી હતી અને વ્હોટસએપ પર પણ ગણેશજીની વિવિધ મનોરમ્ય તસવીરો સાથે શુભેચ્છાના મેસેજનો મારો ચાલ્યો હતો. યુવાનોએ ગણેશજીની મૂર્તિ સાથેના સેલ્ફી શેર કર્યા હતા.

● ગણેશ ચતુર્થીની શુભેચ્છા સાથે નગરજનોએ સંવત્સરી નિમિત્તે 'મિચ્છામી દુક્કડમ' પણ હોંશે હોંશે પાઠવ્યા હતા. શ્વેતાબંર જૈનોએ આજે સમુહ પ્રતિક્રમણ કર્યા હતા અને દિગંબર જૈનોના પર્યુષણ હવે પ્રારંભ થયા છે.

● દિવ્ય ભાસ્કર સમાચાર પત્રના ગાંધીનગર કાર્યાલય ખાતે માટીના ઈકો ફ્રેન્ડલી ગણેશજીની ૧૦ દિવસ માટે સ્થાપના કરાઈ છે. આ મૂર્તિનું કાર્યાલયના આંગણમાં ખાડો કરી વિસર્જન કરાશે અને તેમાં તુલસીનો છોડ વાવી રોજ પુજા કરવામાં આવશે.

● ઈન્ફોસીટીના પાછળના ભાગે આવેલ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાઈનમાં વિદ્યાર્થીઓએ જાતે માટી તથા સૂકા ઘાસનો ઉપયોગ કરી ગણેશજીની સુંદર ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવી સ્થાપના કરી છે. સાત દિવસ પૂજા આરતી બાદ તેનું વિસર્જન કરાશે.

● મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે શૌચાલય નિર્માણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનાર પંચાયતોને સન્માનવાના કાર્યક્રમમાં પાટીદાર આંદોલનનો ભય સ્પષ્ટ તરી આવતો હતો. પ્રવેશ વખતે કોઈને બેગ-થેલો સાથે લઈ જવા દેવાયા નહોતા તેમજ વેલણ-વાટકા-થાળી-વાવટા વગેરે અંગે ઝીણવટભરી તપાસ કરાતી હતી. આ કાર્યક્રમમાં મહિલાઓની હાજરી પાંખી હોવાથી ટાઉનહોલ ખાતે ચાલી રહેલા એક કાર્યક્રમમાંથી મહિલાઓને સીધી મહાત્મા મંદિર ખાતે લાવવામાં આવી હતી.

● ગાંધીનગરની સરકારી વિજ્ઞાન અને કોમર્સ કોલેજના ૪ વિદ્યાર્થીઓ એનસીસીમાંથી હિમાચલ ખાતે માઉન્ટ ટ્રેકીંગમાં પસંદગી પામ્યા હતા. તા. ૨જી સપ્ટેમ્બરે પ્રારંભ થયેલ ૧૦ દિવસનો કેમ્પ પતાવી દિવ્યાંગ ચૌહાણ, અક્ષય ચૌહાણ સહિતના અન્ય યુવકો હેમખેમ પરત આવી ગયા છે.

● સે-૫-સીમાં રહેતા નિવૃત્ત પી.આઈ. એમ.બી. ઠકકરનું હૃદયરોગના હુમલાથી દુઃખદ નિધન થવા પામ્યું છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે.

- સમીર રામી
9924446645

રાંધેજા વિદ્યાપીઠ ખાતે ઓઝોન ડે નિમિત્તે સુત્રલેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રીય સેવા યોજના, ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ રાધેજા ખાતે ઓઝોન દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સુત્રલેખન સ્પર્ધા, જન જાગૃતિ રેલી અને નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાપીઠના વિદ્યાર્થી ભાઈ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો.

ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા પરિસર ખાતે એમ.બી.એ. ગ્રામ ઓઝોન વ્યવસ્થાપનના વિદ્યાર્થીઓ દ્વારા સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. ઓઝાન વિષયને અનુલક્ષી સુત્રલેખન સ્પર્ધામાં દસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ લખેલા પોસ્ટરો હાથમાં લઈ સૂત્રોચ્ચાર કરી રાંધેજા ગામમાં જનજાગૃતિ નિમિત્તે રેલી યોજી હતી. જ્યારે ગામની કૃષ્ણનગર વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાના બાળકો વચ્ચે વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, પાણી બચાવો અને વીજળી બચાવોની થીમ પર સુંદર નાટકો દ્વારા સંદેશો બાળકો થકી વાલીઓ સુધી પહોંચે તેમજ પાણી અને ઉર્જાના સાધનોના ઉપયોગ માટે જાગૃત થાય. ઓઝોન પર વધતો જતો છેદ જે પ્રાણવાયુને પોષે છે. જીવનનો આધાર છે તેના રક્ષણ માટે સામુહિક વાહન વ્યવહારના સાધનોનો જીવનમાં ઉપયોગ કરી ઉર્જાની બચત અને પર્યાવરણનો જતન કરવાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે ગ્રામ વ્યવસ્થાપન વિભાગ-૧ના પ્રો. રાજીવ પટેલ, રાષ્ટ્રીય સેવા યોજનાના અધિકારી ડૉ. લોકેશ જૈન સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

ટાઉનહોલમાં ડાન્સીંગ શૉ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ટાઉનહોલ ખાતે 'ક્રિષ્ના ગ્રુપ ડાન્સ એકેડેમી' દ્વારા એક અનોખો 'મોન્સુન મેશઅપ ડાન્સ શોકેસ' યોજાયો હતો. જેમાં બાળકો, યુવાનો, યુવતીઓ, વર્કિંગ વુમન, હાઉસ વાઈફ બધા એ અદભુત ડાન્સના પરફોર્મન્સ આપ્યા હતા. આ શોનો મુખ્ય હેતુ રોજીંદી લાઈફમાં આપણે

આપણા શોખને ભૂલી જઈએ છીએ તો તે કેવી રીતે બહાર લાવી શકીએ, વધતા જતા મેન્ટલ સ્ટ્રેસને ડાન્સના માધ્યમથી કેવી રીતે ઘટાડી શકીએ તેવું પ્રસ્તુત કરવાનો હતો. લોકો ડાન્સ પ્રત્યે જાગૃત થાય, મોટીવેટ થાય એજયુકેશનની સાથે ડાન્સ કે અન્ય આર્ટને પણ એટલું જ મહત્વ આપે તેવો મેસેજ પણ આ શો દ્વારા આપવામાં આવ્યો હતો.

જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

પેટ્રોલીયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસિએશન અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે ચિત્ર સ્પર્ધા 'ઈંધણ સંરક્ષણ જાત-પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે' વિષય પર યોજાઈ હતી જયારે નિબંધ સ્પર્ધા 'મારે કેમ અને કેવી રીતે ઈંધણ સંરક્ષણ કરવું જોઈએ' તે વિષય પર યોજાઈ હતી.

જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે યોજાયેલ ચિત્ર અને નિબંધ સ્પર્ધામાં શાળાના ૧૭ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને નિબંધ અને ચિત્ર દ્વારા સમાજને ઈંધણ સરંક્ષણનો સુંદર મેસેજ આપ્યો હતો. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે રુદ્ર ટી. દવે વિજેતા બન્યો હતો જયારે નિબંધ સ્પર્ધામાં ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સોલંકી એકતા, ધોરણ-૮ની વિદ્યાર્થીની વિજેતા બની હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિજ્ઞાન શિક્ષક ગીતાબહેન પટેલે કર્યું હતું. આ કાર્યક્રમ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ હાજર રહ્યા હતાં.

માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજ ખાતે હિન્દી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

શ્રીમતિ માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે હિન્દી દિવસની ઉજવણી અંતર્ગત સાંપ્રત યાં ગાંધી વિચાર' વિષય પર વક્તવ્ય સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજ અને ડિવાઈન પબ્લીકેશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે હિન્દી દિવસની ઉજવણી પ્રસંગે સાંપ્રત સમયમાં ગાંધી વિચાર વિષય પર વક્તવ્ય સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં જોડાયેલા સ્પર્ધકોએ સાંપ્રત સમયમાં ગાંધી વિચાર અંગે તેમના વિચારોમાં કહ્યુંહતુંકે ગાંધી વિચારને પંથે ચાલવાથી જ આપણે વિશ્વ શાંતિના માર્ગે જઈ શકીશુ. આધુનિક શિક્ષણ, પ્રણાલી વિદ્યાર્થીઓને સંસ્કાર ઘડતર તથા મૂલ્ય શિક્ષણના પાઠો ગાંધી વિચારથી શિખવી શકાશે. ગાંધી વિચારના અગીયાર વ્રતો તેમજ અઢાર રચનાત્મક કાર્યક્રમો દ્વારા સમગ્ર વિશ્વમાં આમૂલ પરિવર્તન લાવી શકાશે તેમ જણાવ્યું હતું. વક્તવ્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમે રિશિતા હરેશભાઈ પંચાલ, દ્વિતિયક્રમે રીયાબેન આર. પટેલ, તૃતિયક્રમે પ્રિયંકા એમ. ખાંટ વિજેતા જાહેર થયા હતા. વિજેતા સ્પર્ધકોને પ્રમાણપત્ર અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. સુરેશભાઈ ચૌધરી, પ્રો. અમૃતભાઈ ચૌધરી, સુરેખાબેન ચૌધરી હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન મુકેશ વૈદ્યે કર્યું હતું. જ્યારે આભારવિધિ જાગૃતિબેન મોદીએ કરી હતી.

સે-૩૦ સર્કલના સીસીટીવી કેમારા સાપ શોધી રહ્યાં છે?

ગાંધીનગર રાજકીય પાટનગર હોવાને કારણે અહીં વીઆઈપી, વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા માટે ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યા છે. નગરના તમામ પ્રવેશદ્વારો, માર્ગોના મુખ્ય સર્કલો અને જાહેર સ્થળોએ

સીસીટીવી કેમેરા મુકવામાં આવ્યા છે. જેથી તમામ ગતિવિધી પર ચાંપતી નજર રાખી શકાય. જો કે સુરક્ષાની લોખંડી જાળમાં અનેક છીંડા પણ જોવા મળે છે. ચિલોડા તરફથી નગરમાં પ્રવેશવાના મુખ્ય સે-૩૦ સર્કલ ખાતે લગાડાયેલા સીસીટીવી કેમેરા એટલા નીચા નમી ગયા છે કે જાણે તેમને સર્કલના બગીચામાં સાપ શોધવાનું કામ ના સોંપાયું હોય. આ સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ બને કે કોઈ જોખમકારક તત્વો પ્રવેશ કરી ભાંગફોડ કરશે તો આ સીસીટીવી કેમેરા તેમના ફૂટેજ કયાંથી આપી શકશે?

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ખાતે 'વકતા પ્રશિક્ષણ વર્ગ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સેકટર-૨૨ ખાતે 'વકતા પ્રશિક્ષણ વર્ગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયભરમાંથી ૪૨ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. દિવસ દરમિયાન વિવિધ તજજ્ઞો દ્વારા વકતવ્ય આપવાની કળા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ દ્વારા વકતવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમના પ્રારંભે ડૉ. કેશુભાઈ મોરસાણીયા લેખિત પુસ્તિકા 'જીવનનું આભૂષણ વકતૃત્વ કળા'નું વિમોચન કનુભાઈ મિસ્ત્રી ચેરમેન ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના હસ્તે કરવામાં આવ્યું હતું. સવારના ૯ થી સાંજના ૫ દરમિયાન કુલ ૬ સત્રો રાખવામાં આવ્યા હતા. જેમાં વકતવ્યમાં સત્વ જોઈએ શૈલી નહીં, હૃદય અને બુધ્ધિને સ્પર્શે તે વકતવ્ય જીવનભર યાદ રહે, વકતાનું બોલવું તે એના જીવનનું તપ હોવું જોઈએ, વકતવ્યમાં વૈવિધ્ય હોવું જોઈએ તેના માટે વાંચન વિશાળ હોવું આવશ્યક છે, શ્રોતા કરતા વધુ નહિ ઘણું વધારે વકતાએ જાણવું જોઈએ. વકતવ્ય દરમિયાન ચહેરા પર સ્મિત હોવું જોઈએ, ભાષા સરળ હોવી જોઈએ, જે સરળ છે તે સુંદર છે અને જે સુંદર છે તે સરળ છે. નકારાત્મકતા બાબત ટાળો સહિતના મુદ્દા પર ઉપસ્થિત તજજ્ઞો દ્વારા સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે નીતિનભાઈ પેથાણી, ચેરમેન ગુજરાત પાઠયપુસ્તક મંડળ, જાણીતા લેખક પ્રા. અરુણભાઈ યાર્દી, પ્રા. અશ્વિનભાઈ, દિવ્યાંશુ દવે, કુલપતિ બાળ વિશ્વ વિદ્યાલય ડૉ. બાબુભાઈ અઘારા, ડૉ. કેશુભાઈ મોરસાણીયા, ભરતભાઈ જૈન, મેહુલભાઈ દોશી સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. કેશુભાઈ મોરસાણીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે પેથાપુરમાં સ્વપંચ ઋષિ બાપાની શોભાયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા વાલ્મીકી વિકાસ મંડળ પેથાપુર સમિતિ દ્વારા આજે સ્વપંચ ઋષિ બાપાની શોભાયાત્રા પેથાપુર ખાતેથી નીકળશે. પેથાપુર વાલ્મીકી સમાજ દ્વારા આ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પેથાપુર નગરના વિવિધ વિસ્તારોમાં પૂજય સ્વપંચ ઋષિ બાપાની શોભાયાત્રા ફરશે. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં વાલ્મીકી સમાજના ભાઈ બહેનો હાજર રહેશે તેમ વાલ્મીકી વિકાસ મંડળ પેથાપુરના પ્રમુખ રમેશભાઈ વાઘેલાએ જણાવ્યું છે.

સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ ખાતે 'હેર સ્ટાઈલ સ્પર્ધા' યોજવામાં આવી

ગાંધીનગર, તા.૧૭

આધુનિક યુગમાં અભ્યાસ ઉપરાંત સ્કીલ વર્કનું મહત્વ વધી રહ્યું છે.

માત્ર પુસ્તકીયું જ્ઞાન પ્રગતિ માટે પુરતું નથી ત્યારે જીવન ઉપયોગી સ્કીલવર્કની એક સ્પર્ધા શાળા ખાતે યોજાઈ હતી.

હાઈસ્કુલની ૨૦ વિદ્યાર્થીનીઓ કે જે ધો-૧૦માં અભ્યાસ કરે છે તેઓએ કેશ ગુંથન સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. તમામ બાલીકાઓએ જાતે અદ્યતન પદ્ધતિની હેર સ્ટાઈલનું ગુંથન કરેલ હતું. રસાકસી ભરેલી આ સ્પર્ધાને અંતે શ્રેષ્ઠ અને સુંદર હેર સ્ટાઈલ બનાવેલ વિદ્યાર્થીનીઓને વિજેતા જાહેર કરવામાં આવી હતી. જેમાં પ્રથમ શેખ ખુશ્બુ, દ્વિતિય ઓડ પ્રિયાંશી અને ગાંધી ફાલ્ગુની, તૃતિય સ્થાને ઠાકોર કાજલ અને યાદવ અંજલી વિજેતા રહ્યા હતાં.

આચાર્યએ તમામ સ્પર્ધકો અને વિજેતાઓને અભિનંદન આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપાધ્યાય હર્ષદરાયે કર્યું હતું તથા માર્ગદર્શન આચાર્ય ગોવિંદભાઈ નસીતે પુરું પાડેલ હતું.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા હિન્દી પખવાડિયાની ઉજવણીનો શુભારંભ

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયથી 'હિન્દી હમ સબ કી' યુવા રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ભારત સરકાર દ્વારા ૧૪મી સપ્ટેમ્બરને હિન્દી દિવસ તરીકે ઉજવવામાંઆવેછે. ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા વિવિધ સંસ્થાઓના સહયોગથી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના સંયુકત ઉપક્રમે તા. ૧૪મી સપ્ટેમ્બરે 'હિન્દી હમ સબ કી' યુવા રેલી યોજવામાં આવી હતી. હિન્દી પખવાડિયા દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

હિન્દી પખવાડિયાની ઉજવણીના શુભારંભ નિમિત્તે યોજાયેલ રેલીમાં રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના પ્રમુખ યુવરાજસિંહ વાઘેલા, નહેરુ યુવા કેન્દ્રના યુથ કો ઓર્ડિનેટર રજનીકાંત સુથાર, એકાઉન્ટન્ટ ભાનુભાઈ થાર, સરકારી કુમાર છાત્રાલયના પ્રિન્સીપાલ તેમજ એનવાયકે વોલીયન્ટર્સ સહિત

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના શિક્ષકગણ-અધ્યાપકગણ સામેલ થયા હતા. હિન્દી પખવાડિયાની ઉજવણી દરમિયાન હિન્દી સુલેખન, પત્રલેખન, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, રાજભાષા ગોષ્ઠિ-પરિસંવાદ અને કેન્દ્રીય કર્મચારી દ્વારા હિન્દીનો વ્યવહારમાં ઉપયોગ વિષયે વિવિધ કાર્યક્રમો યોજાશે. તમામ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને ઈનામ-પ્રમાણપત્રોથી નવાજવામાં આવશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

અખિલ આંજણા કેળવણી સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે બહેનો દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શાળાના કેમ્પને સંપૂર્ણ રીતે પ્લાસ્ટીક મુક્ત કરવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

આર્થિક અસહકાર આંદોલન અર્થે ઉપાડેલા નાણાંની સલામતી માટે પાટીદારોમાં ચિંતા

ગાંધીનગર, તા.૧૭

પાટીદારો રાજયમાં વિવિધ કાર્યક્રમો કરીને અનામત આંદોલનને વેગ આપી રહ્યા છે. જેમાં હમણાં જ શરૂ થયેલું આર્થિક અસહકાર આંદોલન ધીમે ધીમે આગળ ધપી રહ્યું છે. બેંકોમાંથી નાણા ઉપાડી લેવાની ચળવળમાં નાણાંની સલામતી સામે પ્રશ્નો ઉભા થયા છે ત્યારે વડીલોએ સતર્કતા રાખવા સલાહ આપી છે. જેમાં નાણાં ઉપાડનારની રેકી ન થાય તેમજ જાણકારી ન મળે તે રીતે વ્યવહાર કરી લેવા જેવા સુચનો જારી કર્યા છે. બેંકમાંથી ઉપાડેલા નાણાં સલામત સ્થળે ખસેડી લેવા પણ વડીલોએ આગ્રહ કર્યો છે.

મળેલ વિગતો મુજબ પાટીદારોનું અનામત આંદોલન અહિંસક દિશામાં આક્રમક બની રહ્યું છે. રાજયના ખુણે ખુણે હવે આ આંદોલનની અસરો જોવા મળી રહી છે. અહિંસક આંદોલનના ભાગરૂપે પાટીદારોએ આર્થિક અસહકારનું સરકાર સામે શસ્ત્ર ઉપાડયું છે અને તેમાં પાટીદાર પોતાના નાણા બેંકોમાંથી ઉપાડી લેવા લાગ્યા છે.

રેકી ન થાય તે માટે સતર્ક રહેવા તથા જાણકારી ન મળે તે રીતે વ્યવહાર કરી લેવા વડીલોની સલાહ

પાટીદારો દ્વારા પોતાની થાપણો કે જમા રકમના નાણાં સલામત રીતે ઉપાડીને યોગ્ય વ્યવહાર કરી શકે તે માટે વડીલોએ સલાહ સુચનો કરીને પોતાની ચિંતા વ્યકત કરી છે.

આર્થિક અસહકાર આંદોલનના નેજા હેઠળ કોઈ અસામાજીક તત્વો તેનો ગેરફાયદો ઉઠાવી જવાની શકયતાને નજરઅંદાજ કર્યા વગર વડીલોએ ગામે ગામ સંદેશા ફરતા કરી દીધા છે. વડીલોએ જણાવ્યું છે કે બેંકમાં નાણા ઉપાડવા જવાની ચર્ચા કે જાહેરાત કર્યા વગર ચુપચાપ વ્યવહાર કરી લેવો તેમજ રેકી ન થાય તેની કાળજી રાખવી. વધુમાં ઉપાડેલા નાણાં સલામત સ્થળે ખસેડી લઈ પોતાની મુડીને સાચવી લેવા આગ્રહ કર્યો છે અનામત આંદોલનને શરૂઆતથી જ ડામી દેવાના સરકારના પ્રયાસો તથા આંદોલન અને રેલી દરમિયાન તકનો લાભ લઈ ભાંગફોડ પ્રવૃત્તિ થઈ રહી છે ત્યારે આંદોલનની સાથે સાથે બુધ્ધિપૂર્વકના આયોજન કરી આંદોલન ચાલુ રાખવા વડીલો સાલહ આપી રહ્યા છે. પાટીદાર સમાજ એક થઈ પોતાના હક માટે અહિંસક આંદોલન ચલાવી રહ્યા છે ત્યારે કોઈનું પણ અહિત ન થાય તે અંગે સમાજમાં જાગૃતતા બની રહે તેવા પ્રયાસોના ભાગ રૂપે આર્થિક અસહકાર આંદોલનમાં પાટીદારોને સતર્કતા, સલામતી અને સાવચેતી રાખવા વડીલો ભારપૂર્વક જણાવી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. વિજયાબેન પ્રભુદાસ પંચાલ, ઉ.વ. ૯૨
- સ્વ. અરજણભાઈ પરતભાઈ પટેલ, ઉ.વ. ૬૬
- સ્વ. શિલ્પાબેન દિપકકુમાર શ્રીમાળી, ઉ.વ. ૩૫
- સ્વ. પટેલ અંબાલાલ ભૂલાભાઈ, ઉ.વ. ૭૯
- સ્વ. રબારી નાગજીભાઈ વરવાભાઈ, ઉ.વ. ૫૫